સાલ : ૧૧ / સિલસિલાવાર નંબર : ૧૧૬ / શુમારો : ૨ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રબીઉલ અવ્વલ-રબીઉલ આખર ૧૪૩૫ / જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૪

નૂર અને ઝોલોમાત – રોશની અને કાલેકી

ઈરશાદે રબ્બાની થાય છે કે, **"યહદિલ્લાહો લેનૂરેહી મંય યશાઅ"**, યાઅની, અલ્લાહતઆલા ચાહે એને પોતાના નૂર તરફ હિદાયત દે. તો સાબિત થયું કે નૂર સાથે હિદાયત છે અને હર કોઈને હિદાયત મિલતી નથી પણ જેને વાસ્તે અલ્લાહ ચાહે. તો જેમ અલ્લાહ એક છે, હમેશા વાસ્તે છે અને દુનિયા હોય કે ન હોય પણ અલ્લાહનો વુજૂદ છે, તે જ મુજબ અલ્લાહ તરફથી હિદાયત આપનાર ઈમામનો સિલસિલો પણ હમેશાનો છે અને હર ઝમાનો વક્તમાં ઈમામ એક હતા, એક જ છે અને એક જ રહેશે. ઈલાહી નૂરના માલિક ઈમામે હક્ક છે, જે બંદા પાસેથી બયઅત લીધા બાદ હિદાયત દે છે, જેના સબબ ઈમામના નૂરથી બંદાના દિલમાં નૂરે ઈલાહીના નૂરનું નુક્તું દાખિલ થાય છે.

નૂર એક છે પણ અંધારાઓ બેશુમાર છે. નૂરનું અસલ છે, સરચશ્મો છે જેમાંથી તે પૈદા થાય છે. અગર તે સરચશ્માને બંધ કરી દેવામાં આવે તો રોશની-નૂર ગાયબ થઈ શકે છે અને નૂર ન હોવાથી અંધારૂં પૈદા થાય છે. અંધારૂં પૈદા કરવા વાસ્તે કોઈ ઔઝાર, કારીગરી કે હથિયારની ઝરૂરત પડતી નથી, **ફક્ત એટલું જ કે નૂર જે વક્ત દૂર થાય છે કે, એકાએક તે જગાને અંધારૂં ઘેરી લે છે.** આ જ મુજબ અંધારામાં જો કોઈ ચિરાગ કે શમઅ જલાવવામાં આવે તો તેનું નૂર એટલી હદ તક જ ફેલાય છે જ્યાં તક તે અંધારા પર ગાલિબ આવતું હોય છે. તે સિવાય તમામ જગા અંધારામાં ગરકાવ રહે છે. આયતુલ કુરસીમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, "એ તમામ ઈમાનદારોંનો વલી છે કે, જે તેઓને અંધારાઓ માંથી નૂર તરફ નિકાલે છે." સૂરતન્નૂરમાં અલ્લાહતઆલા ખુદને નૂર કહે છે જેથી તેએ જહાનોંને પૈદા કીધું છે.

મીલાદે અઝહર મુબારક – ૪ થી રબીઉલ આખર

જમાઅતના ખાસો આમ મુમેનીન-મુમેનાત, ખલીફતુર રહેમાન, વાઝેહુલ કુરકાન, કિબલતુસ્સાલેહીન, અમીરૂલ મુમેનીન મૌલાના અબુલ કાસિમ ઈમામ તૈયેબ (અ.સ.) ને ૯૧૧ મી મીલાદ અને દાઈયુલ ઈઝઝે વલ જલાલ માલિકુન્નફ્સ વલ માલ સૈયેદના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ને ૮૪ મી મીલાદની મુબારકબાદી, આપ મૌલાની ઉમ્ર દરાઝી અને શિફાયાબી ની દોઆ સાથે આ ઈદારાના અરાકીન અને કારેઈન તહે દિલથી હઝરતે તૈયેબીયહમાં અરઝ કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી હદીસે મોઅક્કદ છે કે, અલ્લાહતઆલાએ તેના નૂરમાંથી પહેલા મને અને તે બાદ અલી (અ.સ.) ને અને તે બાદ તમામ શીઅયાને અલીને આલમે કુદસાની અને આલમે અક્લમાં પૈદા કીધા છે. તે બાદ આસ્માનો ઝમીન અને દીગર ચીઝોને પૈદા કીધી છે. તેથી ખમ્સતુલ અત્હાર (અ.સ.) ની અને આપના શીઆઓની પૈદાઈશ ઈલાહી નૂરથી થયેલી છે. આ ઈલાહી નૂર આદમ (અ.સ.) ના ઝરીઆથી આ આલમે જિસ્માનીમાં નક્લ થયું છે અને આજ તક નક્લ થાતું રહ્યું છે. **નૂરૂન અલા નૂર**, એક નૂર બાદ બીજું નૂર. અલ્લાહતઆલા તરફથી તેના ખલીફા આ ઝમીન પર મુકર્રર થાતા આવા છે, તેઓ નૂરના સરચશ્મા છે અને શીઅયાને અલીના નૂરની હિફાઝત કરનાર, બચાવનાર-સાચવનાર છે. પણ આ નૂર તરફ જોવાની-જોડવાની અલ્લાહ જ હિદાયત આપે છે. જેને અલ્લાહ ચાહે તેને હિદાયત મિલે છે. જેને ન ચાહે તેને હિદાયત મિલતી નથી. તેથી તેઓ ઝોલોમાત માંથી નૂર તરફ નિકલી શકતા નથી. જેને વાસ્તે દુનિયામાં આ નૂરે ઈલાહીની હિદાયત નથી તેને વાસ્તે દુનિયા અને આખેરત બંને અંધારી છે. જે દુનિયામાં આ નૂરથી મહેરૂમ છે તે અંધો છે અને જે દુનિયામાં અંધો છે તે આખેરતમાં અંધો છે અને બેવે જહાનમાં તે ગુમ્રાહ છે.

(બકીયાહ પેજ નં. ૨ પર)

મુમિન એના મુમિન ભાઈને સાથ આપે છે અને એકબીજાને મઝબૂત બનાવે છે.

(પેજ નં. ૧ નું બાકી)

અંધાને રાહ કહાઁથી મિલે. કોઈ નૂરાની રાહબરનો હાથ થામો હોય તો તેને સાચા-સીધા અને નજાતના રસ્તા પર લગાવે. એવા દિલના અંધા અને બેનૂર કાલા લોગો તો ચાર પગા રખડતા ઢોર જેવા છે જેનો કોઈ માલિક, મંઝિલ અને પનાહગાહ નથી. બલકે, એ લોગો ઢોર કરતા પણ ઝિયાદહ ગુમ્રાહ છે. આખરે પાલતું જાનવર તો કમ અઝ કમ મગરિબના વક્ત તેના પાલનહારના ઠેકાણા પર પહોંચી જાય છે અને તેને વફાદાર રહે છે. પણ આ અસ્વદ, સિયાહ-ફામ અને કાલા દિલવાલાઓનું તો દિનમાં અને રાતમાં કોઈ જ ઠેકાણું હોતું નથી. અંધારાની વહેશત અને દહેશતમાં જે પણ ચીઝ હાથમાં આવે તેને પકડી લે છે અને જે ગલી-કૂચામાં જાવાની જગા મિલે તેમાં વાંકોચૂકો રસ્તો બનાવી લે છે પણ તેને ખબર જ હોતી નથી કે, જે રાહ પર તે ગુઝરી રહ્યો છે, તે ખતરનાક છે અને તેના છેડા પર કાલા કિચડ ભરેલાં ખાબોચિયાઓ સિવાય કંઈ જ નથી.

જે મુમિનના દિલમાં અલ્લાહ નૂર દાખિલ કરે છે તેના નફસ-જાન પર અલ્લાહ રહેમતની મોહર મારી દે છે. આ મુબારક મોહરના સબબ તે મુમિન ઈમામુઝઝમાન (અ.સ.) ની શફાઅતનો હક્કદાર બને છે અને એના વાસ્તે નજાતનો સામાન તૈયાર થાય છે. એ જે વક્ત ગુઝરે છે તો એના ફક્ત જિસ્મને મૌત આવે છે પણ તેનું નફસ તો રૂહાની આલમમાં રહેમતે ખુદાવંદીમાં દાખિલ થઈ જાય છે. **એ મુમિનની મૌતને "ખાતેમો બિલ ખૈર" અને "મખ્તૂમ બિલ હિદાયહ" કહેવાય છે.**

હવે જે શખ્સનું જાન ઈમામુઝઝમાન (અ.સ.) ની દાઅવતનું દુશ્મન બને છે, તે પર અલ્લાહ લાઅનતની મોહર મારી દે છે. આ નહેસ મોહરના સબબ એ શખ્સની નજાત થઈ શક્તી નથી. એના મૌત બાદ એનું જિસ્મો જાન સખ્ત અને દર્દનાક અઝાબમાં ગિરફ્તાર થાય છે. રૂહાની આલમના બદલે જહન્નમના ખાડાઓમાં એ ધકેલાઈ જાય છે. એના નફસને ઝમીન તો શું આસ્માન પણ ફેંકી દે છે અને તે ઝમીનો આસ્માન દરમિયાન ભટકા કરે છે અને તે ખબીસ ખૌફનાક સૂરત ઈખ્તિયાર કરે છે. **એ શખ્સે લઈનના મૌતને "ખાતેમો બિશ શર" અને "મખ્તૂમ બિઝ ઝલાલહ" કહેવાય છે.**

નૂર સફેદ રોશનીનું બનેલું હોય છે અને સફેદ રોશનીમાંથી જ સાત અલગ-અલગ કલરો-રંગો નિકલે છે, જેને **VIBGYOR** કહે છે. સાયન્સદાન-વૈજ્ઞાનિકો કહે છે કે, જો મુકર્રર મિક્દારમાં આ સાતે રંગોને મિલાવવામાં આવે તો તે સફેદ રંગ બની જાય છે. આ સાત રંગમાં કાલા રંગનો હરગિઝ શુમાર થાતો નથી. સફેદ રંગ પર કોઈ ઐબ લાગે યા દાગ પડે તો તે ઐબ ઝાહિર થાય છે અને તેને મિટાવી શકાય છે. પણ કાલા પર ન તો દાગ દેખાય છે, ન તો તેને મિટાવવાની તદબીર થાય છે. કાલી ચીઝ ખુદ ઐબદાર અને દાગદાર હોય છે. કાલા દિલવાલા કહેવાતા નકલી મુમિન-જેને જમાઅતના ફર્દ કે મૌ. અલી (અ.સ.) ના શીઆ કે સૈ. અલી (આ.કુ.) ના મોઅતકિદ મુખ્લિસ મુમિન કહેવાય જ નહીં, તેને ખબર હોતી જ નથી કે તેના જિસ્મો જાન, અક્લો ઝહેન, ફિક્રો ખયાલમાં કેટલી કાલેક છે અને વક્તના ગુઝર-બસરમાં કાલા દાગ-ઢબ્બા વધીને એક પડમાં તબ્દીલ થઈ ગયા છે, જેને તે મિટાવી શકશે નહીં. તેથી નૂરના સાહેબનો હાથ અને દામન થામનાર નૂરાની મુમેનીનનો જ્યારે તેનાથી સામનો થાય છે, તો હસદની આગથી ભડકી ઉઠે છે અને અદાવત અને બુગ્ઝો કીનાની આગના શોઅલાથી નૂરાની લોગો પર હમ્લાવર થાય છે અને તેની કાલેક પૂરી ઝાહિર કરે છે. નૂરાની લોગો નૂરને સમાવવાની, જઝબ કરવાની અને કુબૂલ કરવાની તાકત અને ખૂબીથી માલામાલ હોય છે. પણ કાલા દિલવાલા શૈતાની લોગો નૂરની ચમકથી અંજાઈ જાય છે અને નૂરાની લોગો પર હવામાં હમલા કરે છે પણ તેઓનો કોઈ પણ વાર તેઓના આંખનાં અંધાપા અને દિલની કાલેકના સબબ કામિયાબ થાતો નથી. નૂરાની લોગો અલ્લાહના, પંજતન (અ.સ.) ના, અઈમ્મત અને દોઆત (રિ.અ.) ના નૂરની રૂહાની તાકત અને હક્કના સાહબની વલાયતની નેઅમતો રહેમતના સબબ હિફાઝતમાં રહી ઝફરયાબ અને ફતેહયાબ થાય છે.

આ હકીકત મોહર્રમ મહીનામાં સૈયેદના નૂરૂદ્દીન નૂરભાઈ બિન સૈ. શૈખઅલી (આ.કુ.) ના ઉર્સના દિન રૂનુમા અને આશ્કાર થઈ. ચંદ મુઠ્ઠીભર શરારતપસંદ અને ફિત્નાપરવર મુનાફિકોએ આજવા રોડથી એક શખ્સના જનાઝાને મસ્જિદે નૂરાનીમાં લાવવાની જસારત કીધી. આ અમલ ઐન દાઅવતે હાદીયહના રસ્મો રિવાજ અને નહેજો અમલથી ખિલાફ હતો, આ સાથે કાલા દિલવાલાઓ અને અકીદએ અલવીયહ અને નિઝામે દાઅવતનાં દુશ્મનોએ હસદના મારે જમાઅતમાં ફિત્નો અને

(બકીયાહ પેજ નં. ૩ પર)

દીનના બુનિયાદી પાયા ત્રણ છેઃ ૧) મોહબ્બત, ૨) પરહૈઝગારી અને ૩) સબર.

(પેજ નં. ૨ નું બાકી)

ઝહેર ઉગલવાનો નાપાક ઈરાદો હતો. મુમેનાતોની તે વક્ત મસ્જિદને પાછલ ઐવાનમાં મજલિસ મન્અકિદ થઈ હતી જે દૌરાન એક ઈબ્લીસ સિફ્ત શખ્સે નારવા એલાન કીધું જેનો એહતેજાજ, દિફાઅ અને ખિલાફવરઝી કરવી ઘણી જ ઝરૂરી હતી. તે વક્ત મુમેનીન મરદો સુરત મકામેથી વડોદરા આવા ન હતા. આ વહેશી જાહિલોએ તમામ શરમ મુકીને બૈરાઓ સાથે તેઓની ઈસ્મત, ઈઝઝત અને એહતેરામની હતક કીધી જેમાં શૈતાન સિફ્ત લોગો સાથે મેલ-મિલાપ રાખનારા જમાઅતમાંથી ખારજી થયેલા લઈનો પણ શામિલ હતા. **એ કૈફીયતથી જમાઅતના બૈરાઓ સાથે બેઅદબી કરવામાં આવી કે, કલમ બયાન કરવાથી લરઝે છે.** ખૈર! ફિત્નાખોરોનો ફિત્નો-શરારત તેઓના દિલની કાલેકમાં જ દફન થઈ ગયો. યા અલી, યા હુસૈનના મુમેનાતના નાઅરા કાલેકને નસારવા વાસ્તે કાફી હતા. હદ તો તે થઈ કે, આ અસ્વદ કાલા લોગો મસ્જિદની અદબ ન કરી શકા અને નાપાક ચંપલો સાથે કિબ્લા તક પહોંચી ગયા. તે કાલા પગોની નાપાકીને દૂર કરવા મસ્જિદના પૂરા ફરશને ધોવામાં આવું. કાલા લોગોની આ મુજબની જુરઅત કે હિમ્મત ન થાય તે વાસ્તે હર અલવી મુમિન અને મુમેનહ જમાઅતની ઈઝઝત, અઝમત, નિઝામ અને તોરો તરીકત બચાવવા તૈયાર છે.

અલ્લાહતઆલાના કુદસી ફરિશ્તાઓ, મસાજિદ જેવી મોતત્હર અને મુકદ્દસ મકાનમાં હકીકી મુમેનીનની નુસરત અને મદદ કરે છે અને હક્કનાં દાઈ અને દાઅવતના ખિલાફ કાલા દિલનાં દુશ્મનોની તમામ મક્કારી, હીલાબાઝી અને જાલસાઝી માંકડોનાં ઘર જેમ મિટાવી દે છે અને ઝમાનો ઝમીનમાં જિન્નો ઈન્સાનમાં તેઓ રૂસ્વા અને ઝલીલો ખ્વાર થાય છે. અલ્લાહતઆલાના બેવે અલીના શીઅયાનને ખમ્સતુલ અત્હાર (અ.સ.), અઈમ્મતે અખ્યાર (અ.સ.) અને દોઆતે અબરાર (ક.રૂ.) ની વલાયતના સબબ દાઈઝઝમાન સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ના દસ્તે મુબારક પર બલાગે મુબીનની રૂહાની તરક્કી નસીબ કરે. **ઈન્ના ફતહના લકા ફત્હમ મુબીના, નુસ્રમ મિનલ્લાહે વ ફત્હુન કરીબ. ઈન્ના લિલ્લાહે વઈન્ના ઈલયહે રાજેઊન.**

નૂર હી સે હે અલી ઔર નૂર સે હી હે ઈમામ, ઈસ સતર કી શબ મેં દાઈ નૂર કા સામાન હે.
નૂર કા હોતા હે મસ્દર હે અંધેરા બેઅસલ, યે ઝિયા શમ્એ ફિરૌઝાઁ દાઈએ સુબ્હાન હે.
નૂર હે અરઝો સમા કા ખાલિકે કૌનો મકાઁ, સિલસિલા ઈસ નૂર કા ડાઈમ રહા હર આન હે.
દેખ સકતેં હી નહીં જો નૂરે તૈયેબ કેહ દો તુમ, ઉસકા દિલ કાલા હે ઔર ઉસમેં બસા શયતાન હે.
નૂર કી બારિશ મેં તેરે ઐબ સબ ધુલ જાએંગે, કર અદબ તું ઈન દોઆતોં કા બડા અહેસાન હે.
નૂરે હક્ક ફૂંકો સે અપની તું બુઝા સકતા નહીં, નૂર સે જુડ જાએ જો વો અસ્લ મેં ઈન્સાન હે. ✯

તુરાબ-માટી


રજબુલ મુરજજબનો મહીનો ૭મો છે, જેમાં દાઅવતે હક્કના ૭માં દરજાના સાહબ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વિલાદત બાસઆદતની શાન ઝાહિર થાય છે. આપ સાહબ વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) **"અબૂ તુરાબ"** નો મુબારક શરફ ફરમાવે છે. અલ્લાહતઆલાએ મૌ. અલી (અ.સ.) ના મુમેનીનને તુરાબ-માટીથી પૈદા કીધેલા છે. હમેં તુરાબી છે કે, જે જન્નતી તુરાબ મૌ. આદમની પૈદાઈશનો સબબ બની. હમારા માંથી તુરાબની ખુશ્બૂ આવે છે અને તે જ હમારી તબીઅતને ઠંડી અને હક્કના ઈલ્મને જઝબ કરનારી બનાવે છે. જે લોગો તુરાબી નથી તે નારી છે, શું કે તેઓ તુરાબી મુમેનીનના દરજાને જોઈને ભડકે છે. યઝીદી લોગો, કરબલામાં અન્સારે હુસૈન (અ.સ.) નું તુરાબી નૂર જોઈને હસદની આગમાં જલી મરા હતા.

તુરાબ શું? કે ઈમાન, જે ઈમાનથી આખેરતમાં નૂરાની શિકલો પૈદા થાય છે, જેમ દુનિયામાં તરહ-તરહની શિકલો હમેં જોઈએ છીએ. પત્થર પર માટીનું હલકું પડ શું? કે જેનું દિલ સાફ નથી. બગૈર રઝા અમલ કરે, બગૈર રઝા કિતાબો પઢે,

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

ઈસ્લામની ઈમારત સાત પાયા પર છે, જેમાં વલાયતે ઈમામુઝઝમાન (અ.સ.) તમામ કરતા અહમ છે.

લફ્ઝી કશ-મ-કશ



❋ **ઉભી તરકીબ :**

૧) અક્લનો _____ -સાલિમ ઈન્સાન તે છે જે ઈન્સાફના તરાઝૂમાં પોતાના કલામને મૂકીને બોલે. (૨)

૨) દોસ્ત, દિલનો ખૂબ કરીબ, અઝીઝ. (૩)

૩) હર નબી-નાતિક ઈન્તેકાલ પહેલા પોતાની જગા પર અલ્લાહના હુકમથી કાઈમ- _____ મુકર્રર કરે છે. (૩)

૭) "જહાનોંનો પાલનહાર", તેમાં અલ્લાહતઆલા જહાનવાલાઓ વાસ્તે કૌન છે? (૨)


❋ **આડી તરકીબ :**

૨) "બિસ્મિલ્લાહ" ના કયા લફ્ઝમાં "યા" આવે છે? (૩)

૪) બંદાની નમાઝના સબબ અલ્લાહતઆલા તેના નાના-નાના ગુનાહોં વાસ્તે _____ આપી દે છે. (૨)

૫) સૂરતે નૂન જે "નૂન" ના હરફથી ચાલુ થાય છે તેમ કુરઆનમાં એક બીજી સૂરત છે જે એક જ હરફથી શુરૂ થાય છે. (૨)

૬) નવાઝિશ, બખ્શિશ, ઈનાયત. (૩)



૦ સહીહ જવાબ આપનાર : ઝુલફિકારઅલી ફીરોઝભાઈ કંજરીવાલા

૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-

નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

સોચશો, તો કઈ કરશો

આ કોશિશને માતહત હર શુમારામાં ૧૦ અલ્ફાઝ આપવામાં આવેલા છે. આ તમામનો બહેતરીન તરીકાથી અને સાચી સમઝથી ઈસ્તેમાલ કરી તેનો એક નાનો ફકરો (પેરાગ્રાફ) બનાવવાનો છે, જેમાં ત્રણ વાક્યો (જુમ્લાઓ) કરતા વધારે વાક્યો ન હોય. કારેઈન પોતાનું ઈલ્મ અને અક્લની હુશિયારીને મીઝાનમાં મૂકીને હમને ઝાતી તૌર પર, યા પોસ્ટમાં યા **email** પર પોતાનું લખાણ સાફ તૌર પર, નામ, એડ્રેસ અને ફોન નંબર સાથે રબીઉલ આખરની ૧૦ તારીખ પહેલા મોકલી આપે. જેના જુમ્લા માઅનામાં પુખ્તા અને દિલચસ્પ હશે તેને ઈન્આમથી નવાઝવામાં આવશે અને જુમ્લાઓને આવતા શુમારામાં શાયેઅ કરવામાં આવશે.

૧૦ અલ્ફાઝ :

૧) મૌ. ઈમામ તૈયેબ (અ.સ.), ૨) ૪ રબીઉલ આખર, ૫૨૪ હિ., ૩) મૌ. ઈમામ આમિર (અ.સ.), ૪) ૫૨૬ હિ., ૫) મિસિર, ૬) વિલાદત, ૭) ૫૨૮ હિ., ૮) સતર, ૯)ઈબ્ને મદયન અને અબૂ અલી, ૧૦) સિલસિલએ દોઆતે કિરામ (આ.કુ.).

૦ ગયા શુમારાનો ખુલાસો :

ઈમામ મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં મૌલાઈ અબ્દુલ્લાહ (રિ.અ.) હક્કની દાઅવતનો પૈગામ લઈને ખંભાત પધારા અને ત્યાં કાકા અકેલા-કાકી અકેલાની મુલાકાત થઈ. સૂકો કૂવો જોઈને મૌલાઈ સાહબે કહ્યું કે, અય ભાઈ ! જો હું આ કૂવામાં ભાલો મારૂ અને પાની પાછું જારી થાય તો શું તમેં સાચું દીન કુબૂલ કરશો ? મોઅજિઝો એવો થયો કે, કૂવો પાછો પાનીથી ભરાઈ ગયો અને મરદ-બૈરોએ મીસાક આપીને ઈમાન કુબૂલ કીધું.

૦ અલ-હાજ્જ શમસુદ્દીન અમીરૂદ્દીન નડીયાદવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે. ✯

બચ્ચાંઓની આઅલા તરબીયતની બુનિયાદ સહી વક્ત પર સહી અલ્ફાઝમાં સહી ચીઝની તેને સમઝ આપવામાં છે.

સોમવાર અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)

૧૮ માં ઈમામે હુસૈની મૌ. મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ના બાબુલ અબ્વાબ સૈ. મોઅય્યદ શીરાઝી સાહેબ (આ.કુ.) પોતાની દોઆમાં સોમવાર-યૌમુલ ઈસ્નૈન વાસ્તે ફરમાવે છે કે, "અય પરવરદિગાર, જો તું હમને આ સોમવારના દિનની સોહબત આપે તો હમને સિબ્તોને રસૂલુલ્લાહ (સ.અ.), મૌ. ઈમામ હસન (અ.સ.) અને મૌ. હુસૈન (અ.સ.) ના વસીલાથી ફકીરી અને દૈનના ભારથી આઝાદ કરજે. હમને કુફ્રની હૈરાની અને ઝિદ્દીપનાથી દૂર રાખીને હમારા દિલોને ધોકેબાઝી, બનાવટ અને ફરૈબથી દૂર રાખજે. તું હમને બેવે જહાનની નુકસાનીથી બચાવીને તારા નબીના રૈહાના ઈમામૈન, હુસ્નૈન, મઝલૂમૈન, હાદીયૈન, મહદીયૈન, રાઝીયૈન અને મરઝીયૈનના ઝુમ્રામાં શામિલ કરી દેજે."

આપ સૈયેદનાએ **"या ग़फ़ूरो या रहीमो"** ની તસ્બીહ સોમવાર વાસ્તે મખ્સૂસ કીધેલી છે અને મુમેનીનને આ તસ્બીહ વિર્દે ઝબાન કરવાનું ફરમાવેલું છે. **"कमर"** નું ફલક આ દિન સાથે નિસ્બત રાખે છે જેનો તઅલ્લુક અમીરૂલ મુમેનીન મૌ. અલી સાહબે ઝુલ્ફેકાર (અ.સ.) સાથે છે. સોમવારનો દિન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હયાતે પાકના વાકેઆત સાથે ગહેરી નિસ્બત રાખે છે, જેની ફહેરિસ્ત નીચે મુજબ છે.

- આપની વિલાદત બા-સઆદત (પૈદાઈશ) શિકમે મૌ. આમેના બિન્તે વહ્હાબ (રિ.અ.) થી મક્કતુલ મુકર્રમહમાં પહેલી આમુલ ફીલ ના સાલમાં થઈ.
- અલ્લાહતઆલાએ આપ પર ગારે હિરામાં મૌ. જિબ્રઈલના ઝરીએ પહેલી વહ્ય **"इक़रा बिस्मे रब्बेकल्लज़ी ख़लक़"** નાઝિલ ફરમાવી. યાઅની આપને નુબૂવતનો શરફ બખ્શો.
- આપની મૌ. ખદીજતુલ કુબરા (રિ.અ.) સાથે શાદી ખાના-આબાદી થઈ જે વક્ત આપની ઉમ્રે શરીફ ૨૫ સાલની હતી. મૌ. અબુ તાલિબે (રિ.અ.) નિકાહ-ખ્વાનીની તવલ્લી કીધી અને ખુત્બો પઢો.
- મક્કામાં કુરૈશના બની હાશિમ વાસ્તે ત્રણ સાલના સમાજી ઈન્કેતાઅ (સામાજીક બહિષ્કાર) બાદ આપનો શેઅબે અબી તાલિબ માંથી છુટકારો થયો અને થોડા જ અરસા બાદ ૧૦ નુબૂવતના સાલમાં મૌ. અબુ તાલિબ (રિ.અ.) નો ઈન્તેકાલ થયો.
- આપે મૌલાના અલી (અ.સ.) ને આપના બિસ્તર પર સુલાવીને મદીનતુલ મુનવ્વરહ તરફ હિજરત ફરમાવી.
- આપ મદીનતુલ મુનવ્વરહમાં દાખિલ થયા. મુહાજેરીન અને અન્સાર દરમિયાન ભાઈચારો કાઈમ કરવા અને તાઅમીરે મસ્જિદ વાસ્તે આપ મૌ. અલી (અ.સ.) ના મુન્તઝિર હતા.
- અલ્લાહતઆલાએ આપને મેઅરાજ બખ્શી જેમાં આપે બયતુલ મુકદ્દસ અને તે બાદ તમામ આસમાનોંની સૈર કીધી અને તમામા અંબિયાના ઈમામ બના.
- આપે આપના દસ્તે મુબારકથી કાઅબતુલ્લાહના એક રૂક્નમાં હજરે અસ્વદને મુકા જે જગા પર મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) એ તાઅમીરે કાઅબાના વક્ત મુકા હતા.
- સૂરતુલ માએદહ યાઅની કુરઆની પાંચમી સૂરતની આયતો નાઝિલ થઈ કે, જેમાં અહલુલ બૈત (અ.સ.) ની ફઝીલત અને મરતબાનું બયાન છે.
- ઈસ્લામની પહેલી જંગ, જંગે બદર ફત્હ થઈ કે જેમાં મૌ. અલી (અ.સ.) ની જેહાદથી મોટા-મોટા કુફ્ફારો અને કુરૈશના સરદારો વાસિલે નાર થયા.
- અલ્લાહતઆલાએ દરખ્તની તખ્લીક કીધી કે, જે હયવાન અને ઈન્સાનની દુનિયાવી ઝિંદગીની અસાસ બના.
- બંદાના આઅમાલ આસમાન તરફ ચઢે છે અને દફ્તરે આઅમાલ પઢવામાં આવે છે.
- ફત્હે મક્કા થઈ અને પૂરી નબવી શાન સાથે આપ મુસલમાનોં સાથે મક્કામાં દાખિલ થયા જેમાં મૌ. અલી (અ.સ.) ના હાથમાં પરચમે ફત્હ લહેરાતો હતો. તે બાદ કાઅબા માંથી આપે મૌ. અલીને બુતોનો સફાયો કરવાનું ફરમાન કીધું.
- ૧૮ ઝુલ હિજ્જહ હિ. ૧૦, ગદીરે ખુમ્મમાં આપે ફરમાને રબ્બાની મુજબ મૌ. અલી (અ.સ.) ને વસાયતના દરજા પર કાઈમ કીધા, તે બાદ સોમવાર ના દિનથી ત્રણ અય્યામ તક લોગોની બયઅત શુરૂ થઈ.
- આપનો ઈન્તેકાલ પુરમલાલ થયો અને આપની કબરે મુબારક આપના કમરામાં જ કરવામાં આવી. મૌ. અલી અને મૌ. ફઝલ બિન અબ્બાસે આપના કફન-દફનનો બંદોબસ્ત કીધો. ☆

તમામ આસમાનોંની બુનિયાદ આ ઝમીન પર છે જેમાં અલ્લાહતઆલાએ ઝિંદગી મુકેલી છે.

દીવાને હસન માંથી
શર+આબ – શરાબ – ગંદું પાની

આગલા ઝમાનામાં પણ મુમેનીનની સીરત એવી હતી કે, આ તમામ હરામની અને નુકસાનદેહ ચીઝોથી બચતા હતા. ઔલિયા અને દોઆત (રિ.અ.) ની સીરત અપનાવીને જહન્નમના અઝાબથી છુટકારો હાસિલ કરતા હતા. ૩૧ માં દાઈએ મુત્લક સૈ. બદરૂદ્દીન હસન બિન સૈ. વલી (ક.રૂ.) ફરમાવે છે કે, જમન-પાનીના હલાલ-હરામ વાસ્તે મુમિનને અલ્લાહના કિતાબની અને રસૂલની સુન્નતોંની અને આપની આલે અત્હરની સીરતે તાહેરહને પકડી રાખવી અને ઝિંદગીને સઁવારવી વાજિબ થાય છે. આ સીરતની તાસીર અહલુલ બૈત (અ.સ.) ના સાચા શીઆઓમાં, જહાઁ તક દરખ્તની ડાલીઓ રહેશે અને તેના પર પાંદડાં રહેશે અને તેના પર પરિંદા માલો બનાવીને રહેશે, **ત્યાં તક ખલ્કમાં જારી અને સારી રહેશે.** મુકદ્દસ મૌલા આપના બેમિસાલ દીવાને હસનમાં મુમેનીનને નસીહત કરે છે કે, નશીલી ચીઝો જેવી કે શરાબ કેટલી ઝહેરીલી છે, બદ છે અને ઈન્સાનને તબાહ કરી દે છે. લેહાઝા, તેનાથી બચવું, પરહેઝ કરવો અને પોતાની ઝિંદગીને પાકો સાફ રાખવી વાજિબ છે અને હર લેહાઝથી ફાયદામંદ છે. આપ આપના કલામમાં શરાબની હકીકત બયાન કરતા ફરમાવે છે કે,

"આ જહાનમાં શર-ખરાબ, ઈન્સાન પર જો લાઝિમ રહે છે તો તેને શરીર-શર પર ચાલનાર બનાવે છે. તેમાંથી મોટું શર, શરાબનું પીવું છે. કેમકે, તેને પીવાનું છોડવું તે ખૈર કામ માંથી છે અને ઈન્સાનને શરાબનું ન પીવું બીજા શરથી બચાવે છે. કોઈ પણ નશીલી ચીઝોં હોય તે શરીઅત અને કુરઆનમાં હમારા પરવરદીગારએ મનાઅ કીધેલી છે. નશીલી ચીઝોં તો ઈન્સાનની અક્લને કૈદ કરી નાંખે છે અને તેની બદબૂ અને તેના અસરથી ચહેરા પર તબ્દીલી આવવી ઘણી બુરી ચીઝ છે. તેના સોહબત વાલા પણ આ બુરી આદતથી શરાબીથી જુદાઈ ઈખ્તિયાર કરે છે. આ એટલો મોટો ગુનાહ છે કે, અલ્લાહતઆલા એને કબરમાં અઝાબ આપશે અને એની શફાઅત મોહંમદ કે આલે મોહંમદ (અ.સ.) કરી નહીં શકે. એય ઈન્સાન, અગર તું આકિલ હોય તો તું જન્નતની પાકીઝા શરાબ પીવા નો શૌક રાખ કે જે શરાબ સાકીયે કૌસર હૈદરે કર્રાર અલી (અ.સ.) કૌસરના હૌઝ માંથી પીવડાવશે. અલ્લાહતઆલાએ દુનિયામાં દીગર એટલા લઝીઝ પીનાઓ મુકેલા છે અને લાતાઅદાદ નેઅમતોં છે કે, ઈન્સાન જો પૂરી ઉંમર તક તેની લઝઝતનો મઝા લે તો પણ નેઅમતોં ખુટે નહીં. આ તરહની દુનિયા-આખેરતમાં મુમિન વાસ્તે નેઅમત હોય તો એને પાકીઝા પીના પીવા જોઈએ અને નશીલી કે બેહોશી આપે એવી નાપાક શરાબની બુંદ ઝબાન પર લેવી ન જોઈએ. અલ્લાહતઆલાનું હમારા પર અહેસાન છે કે, **હમને અમીરૂલ મુમેનીનના શીઆ બનાવા છે જેથી હમારા હાથમાં કૌસરના હૌઝના પાનીની ચાવી છે** જે અહલુલ બૈત (અ.સ.) ના બાગી-તાગી દુશ્મનોંને મિલી નથી અને તેઓને કોઈ પનાહ આપનાર કે કૌસરના પાનીથી પ્યાસ બુઝાવનાર નથી. હમારા વલીએ સાદિક મોહિબ્બે અહલે બૈત (અ.સ.) એની ઝબાન પર એવા પીનાનું બુંદ લેતા નથી કે જેના સબબ એની પ્યાસ તો બુઝતી નથી પણ એના દિલનું મરઝ વધી જાય છે." ✯

ઈન્તેકાલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વક્ત પરની દોઆ

પાઁચમાં ઈમામે ફાતેમી મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આખરી વક્ત પર કોઈ આવું, જે જગા પર મૌલાના અલી (અ.સ.) અને આપના અહલુલ બૈત (અ.સ.) હાઝિર હતા. તે આવનારને કોઈએ પણ જોયા નહીં પણ એની નિદાને ઝરૂર સાંભલી કે, જેના કલેમાતનો મફહૂમ આ મુજબ હતો.

"અય અહલુલ બૈત, આપના ઉપર અલ્લાહતઆલાનો સલામ, તેની રહેમત અને બરકતોં, હર શખ્સ મૌતનો મઝા ચાખવાવાલો છે. બરોઝે કેયામત તમને તમારો અજર (બદલએ આઅમાલ) પૂરી તરહ મિલશે. હવે જે શખ્સ જહન્નમથી દૂર કરવામાં આવે અને જન્નતમાં દાખિલ કરવામાં આવે, તો બેશક! તે કામિયાબ છે અને દુનિયાની ઝિંદગી તો મકરો ફરેબ (છેતરામણી) નો સૌદો છે. બેશક, અલ્લાહતઆલા છે તો પછી તે હર મુસીબત અને હર હલાક થાવાવાલાનો બહેતરીન આસરો છે. અલ્લાહતઆલા છે તો તમામ ચીઝનો વુજૂદ છે, યાઅની ખાલિક છે તો મખ્લૂક છે. અલ્લાહથી જ ઉમ્મીદ કરો અને તેની જ ઈબાદત કરો. ઝરૂર, મુસીબતવાલો તે છે જે સબર ન કરે અને સવાબથી મહેરૂમ રહે. આપના ઉપર, અય અહલુલ બૈત, સલામ, રહેમત અને બરકતોં."

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

ઈન્સાનીયતની બુનિયાદ હક્કને સમઝીને હક્કને અદા કરવું છે.

Shining Star



Sister **Zainab Ibraahimbhai Bhaisaheb** working in Tata Consultancy Services (TCS), Vadodara for Client Instructions-Russia Process. During the span of less than a year in TCS , she has been awarded with 5 awards and among them the most prestigious is "Nielsen Gold Award" for Excellent Contribution in Global Operations – Europe received in month of Nov 2013 from Xavier Sagelle – Delivery Head of Europe and Bertrand Raymond – BPO Head (Europe).

Her Message :

There is a saying, "Nothing is impossible... it only holds true when you blend constant efforts with belief of success in yourself." During my short tenure at TCS, I always pushed hard for results. There was no benchmark for any achievement. Whenever I achieved, I treated it as benchmark and kept trying and trying to see a new goal being set. I love competition but only with myself. That's what motivates me and this was one of the main reasons why I always felt confident. I would only like to say that, Never lose hope. Believe in Allaah and His bounties. Keep trying. One day you will succeed, as it's a known fact that, He will surely give you return for what efforts you have put into your work.

"Atlast, I would like to quote an inspirational slogan, ***"Mehnat itni Khamoshi se karo.... Ki Kamyaabi SHOR machaa de"***. ☆

તિજારત

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

And the partisans of Ali (a.s.) are victorious.

તિજારત

સોફીયા જે. વ્હોરા
સોફીઝ ફેશન
ડીઝાઇનર સલવાર કમીઝ,
સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ
અને શાદીની જોડીઓ બનાવનાર
સરનામું : લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક,
આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.
સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬
(સોમવાર થી શુક્વાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)

.....Changing "DESI TREAT" with a New Name.....
Cafe Royal
House Of Quality Food
MUGHLAI * CHINESE * PUNJABI FOOD
Tandoori Roti is our Speciality
GF-6, Sai Vihar Apartment, Opp. Emperor Complex,
Fatehgunj Main Road, Vadodara - 02.
Kasim / Mazhar / Jabirbhai - +91-9016801117

અમરીન કલેક્શન
રીદા, ફેન્સી ડ્રેસ મટીરીયલ,
ટી-શર્ટ, ઇજાર, વગેરે મળશે.
દુકાન નં.૮, તાજ કોમ્પ્લેક્ષ, આજવા રોડ, વડોદરા-૧૯.
મોબાઇલ નં : ૯૭૨૫૯૫૦૦૮૬

દરસે લેસાને દાઅવત

محمد رسول اللّٰه ﷺ نا فضائل

- اللّٰه تعالٰی یه اپنا جسم مبارک نا هر أعضاء ماں غیر معمولي طاقة بخشي هتي۔ اپ جه کام هاتھ ماں لیتا تھنے أنجام تک پھنچاوتا هتا انے اللّٰه اپنے ته ماں سهولة کري اپتا هتا۔
- اپ غور وفکر، سوچ، تصور ماں گھنا تیز هتا۔ کھنار ني وات نے اپ فورًا لیتا هتا انے اهني گفتگو نا مقصد نے باخوبي جاني لیتا هتا۔
- اپ کھنار ني وات نے انے تھنا مفهوم لفظًا لفظًا یاد کري لیتا هتا۔ یهاں تک که بولنار نا کلام نو ایک جملة پن اپ بھولتا نه هتا۔
- اپ جه شخص ساتھے گفتگو کرے اهني أدنٰی ماں أدنٰی دلیل نے یاد راکھتا انے اهنا جواب واسطے اپ هر طرح ني عقلي۔ شرعي۔ أخلاقي دلیل وبرهان پیش کرتا هتا۔
- اپ گفتگو کرو اماں گھنا سهلا انے زبان ماں گھنا چوکھا هتا۔ اپني وات هر کوئي نا دل وضمیر ما مهر کري جاتي هتي۔ اپنا کلام خوب مختصر پن پند ونصیحة تھي بھریلا هتا۔
- اپ علم نے انے علم نا طلب کرنار نے خوب چاهتا هتا۔ علم وحکمة تھي اپ هر وقت لوگونے فائدة بخشتا انے ته واسطے اپ هر کوئي نے قبول کرتا هتا انے کوئي وقت پن علم واسطے تھکان محسوس کرتا نه هتا۔
- اپ سچائي انے صداقت نے چاهنار هتا، تمام ظاهري۔ باطني معاملات ماں أحسن، بهتر انے خوش گوار هتا انے اپ اپنا خاندان نا لوگو ما چھپیتا هتا۔
- اپ تھوڑي چیز پر صبر کرنار انے زیادة پر شکر کرنار هتا یعني قناعة پسند هتا۔ تکبري، عیب جوئي انے غصة تو اپ تھي کوسو دور هتو۔ اپ کھاوا۔ پیوا ماں انے بئیر وساتھے نا وهوار ما إنصاف انے کفایة شعاري تھي پیش اوتا هتا۔
- اپ طبیعة تھي رحم دل انے فیاض دل هتا۔ همة وحوصلة ما بلند وبالا هتا۔ اپ هر کوئي نے واسطے شفیق وکریم هتا۔ اپ کوئي نا واسطے طعنة بازي که کوئي نا پر إلزام لگاوتا نه هتا۔ جه کئي هوئي ته منه پر کھي دیتا هتا۔
- اپني پرهیزگاري ني کوئي حد نه هتي یعني اپ بے حد متقي انے خوف خدا را کھنار هتا۔ دنیا انے تھنا راحة وآرام نا ساز وسامان ني اپنا نزدیک کوئي قیمة که إهمیة نه هتي۔ دینار ودرهم کرتا آخرة واسطے نو عمل اپني نظر ماں زیادة محبوب هتو۔
- اپ عدل وإنصاف انے تھنا پر چالنار نے پسند کرنار هتا، تھنے عزة بخشنار هتا۔ جور وجفا، ظلم وستم انے جبر وتشدد انے تھنا پر
- چالنار نے اپ ناپسند کرنار تھا۔ اپ هر کوئي نے پوتانو حق أداء کرواپر رغبة اپاوتا انے حسن سلوک راکھتا، پچھي ته اپنو محب هوئي یا مخالف هوئي۔
- کوئي پن چیز واسطے اپنو مقصد۔ إرادة صاف، پخته انے مضبوط هتو۔ کوئي نا ڈر یا خوف بغیر اپ هر کام نے پورا جوش ساتھے کرتا هتا۔

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફઝાઈલ

- અલ્લાહતઆલાએ આપ નબી સાહબના જિસ્મે મુબારકના હર આઅઝામાં ગૈર-માઅમૂલી તાકત બખ્શી હતી. આપ જે કામ હાથમાં લેતા તેને અંજામ તક પહોંચાવતા હતા અને અલ્લાહ આપને તેમાં સહૂલત કરી આપતા હતા.
- આપ ગૈરો ફિકર, સોચ, તસવ્વુરમાં ઘણા તૈઝ હતા. કહેનારની વાતને આપ ફૌરન સમઝી લેતા હતા અને એની ગુફ્તગૂના મકસદને બાખૂબી જાણી લેતા હતા.

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

મુમિન તરફ ખુદાતઆલાનો હદીયો તે મુમિનના દરવાઝા પર આવનાર સાઈલ છે.

મોઅજિઝએ મોહંમદીયહ

અસ્હાબે વફાદાર મૌ. જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) રિવાયત બયાન કરે છે કે, એક વક્ત હમેં ફખરૂલ અંબિયા, મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સોહબતમાં બેસા હતા અને ગૈબ પર ઈમાન લાવવાની બાબાત ગુફતગૂ ચાલી રહી હતી. હમેં શું જોયું કે, એક મોટું સફેદ વાદલ આપ નબી સાહેબના નઝદીક ઉતરૂં અને આપે ફરમાન કીધું કે, "અય જાબિર! તમેં ઉઠો અને આ વાદલ પર સવાર થાવ. તે તમને જે જગા પર લઈ જાય ત્યાં જાવ અને તમને કોઈ પણ અજીબો ગરીબ ચીઝ નઝર આવે તેના પર મારો સલામ પઢજો." નબી સાહેબના ફરમાન મુજબ હું તેના પર ચઢી ગયો અને તે મને દૂર લીલા દરિયા તરફ લઈ ગયું. હું જે જગા પર નઝર નાખું તે જગા લીલું પાની નઝર આવે. તે બાદ મેં જોયું કે વાદલ મને સાહિલે દરિયા પર લઈ ગયું. તે જગા પર મારા સિવાય બીજું કોઈ ન હતું અને એક સુકાયેલા દરખ્ત સિવાય બીજું કઈ પણ હતું નહીં. મેં તઅજ્જુબ કરવા લાગો કે, આટલું અઝીમ મોટું દરખ્ત છે પણ તેના પર બધા જ પત્તા સુકાયેલા છે અને થડ સાથે તેના ડાલાઓ કાલા પડી ગયા છે.

આ અજીબ મંઝર જોઈને મને નબી સાહેબનો કૌલ યાદ આવો કે, "અય જાબિર! જે વક્ત તમેં કોઈ અજીબ ચીઝ જોવ તો તેના પર મારો સલામ પઢજો." મેં ફૌરન તે દરખ્તે બેજાન પર સલામ પઢો. મેં કહ્યું કે, **" અય દરખ્ત! તારા પર અલ્લાહના નબીના સલામ છે. "** સલામની નિદા સાંભલતા જ દરખ્તમાં હલચલ અને હરકત થાવા લાગી. મેં દરખ્તને પૂછું કે, તારી આ હાલત કેમ છે? તો દરખ્તમાંથી આવાઝ આવો કે, "અય નબીયુલ્લાહના ખાસ બંદા, તમારા આવવાથી મને ખૂબ ખુશી થઈ છે. તમારા અને મારા જે મૌલા છે તેની હઝરતે મોહંમદીયહમાં શું તમેં મારા વાસ્તે શફાઅતની અરઝ ન કરો કે, **ખુદાતઆલા મારી હાલતમાં તબ્દીલી લાવે અને મને મારી અસલ ઝિંદગી પર વાલે.**" મેં સવાલ કીધો કે, તમને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શફાઅતની હાજત શું કામ પૈશ આવી? દરખ્તે જવાબમાં કહ્યું કે, અય સાહેબ! જેની શફાઅતની તલબ હર મખ્લૂકને છે અને જેની નુબૂવત પૂરા જહાન પર હાવી છે અને જેની વલાયત હર અક્લવાલા પર વાજિબ છે, તે સાહેબ હર ૪૦ અય્યામમાં એક વાર મારા સાયાનો લુત્ફ લેતા હતા અને આપના કદમની બરકતના સબબ મારામાં લીલક રહેતી હતી, મારી ડાલીઓ તરો તાઝા રહેતી હતી, મારા પર રંગબરંગી પત્તા લાગતા હતા અને મેં ફલ-ફુલથી ભરેલું રહેતું હતું. મગર ઘણી લાંબી મુદ્દત થઈ ગઈ છે, દરાઝ વક્ત ગુઝરી ગયો છે કે, મારા મૌલા મોહંમદ (સ.અ.વ.વ.) મારા નઝદીક પધારા નથી. મેં આપની ઝાત મુબારકથી બરકત લઈ શકો નથી. **મેં હવે આપના દીદાર મુબારકનો શૌક રાખું છું અને આપની શફાઅતનો તલબદાર છું. "**

તે વાદલ મારા ઈન્તેઝારમાં હતું કે, મેં તેના પર સવાર થઈને દોબારહ નબી સાહેબની હઝરતમાં હાઝિર થયો. આપે મને જોઈને ફરહતનો ઈઝહાર કીધો અને મારા સામે તબસ્સુમ ફરમાવો. મેં આપ નબી સાહેબની કદમબોસી કીધી અને જે વાકેઓ ગુઝરો હતો તે બયાન કીધો. આપે કહ્યું કે, "અય જાબિર! મેં તમારા દિલના હાલાત પઢી લીધા હતા. તમેં પાછા તે દરખ્તને કરીબ થાવ અને જે હાથ પર મેં બરકત બોલી છે તે તમારા હાથને દરખ્ત પર લગાવજો." મેં પાછો તે દરખ્ત આગલ ગયો અને જે મુજબ ફરમાને નબવી હતું તેમ અમલ બજા લાવો. નબી સાહેબની દોઆથી મારા હાથનું ફિરાવવું શું કે, તે દરખ્તની શિક્લો સૂરત બદલાતી ગઈ. તે તાઝગીથી ખિલી ઉઠું, હર ડાલી પર નવા પાંડદાં આવવા લાગા અને થોડા વક્તમાં મેં જોયું કે, દરખ્તની જાનમાં જાન આવી ગઈ, તે લીલુંછમ થઈને મહેકી ઉઠું. દરખ્તમાંથી નિદા આવી કે, **" બલંદ કિસ્મત છે તે ખલ્કત કે, જેને અલ્લાહના રસૂલની બરકત હાસિલ થઈ. "**

અય મુમેનીન! હમને હમારી ઝાત પર નાઝ હોવો જોઈએ કે, ખુદાતઆલા હમને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નતોં પર, આપની સીરતે તાહેરહ પર, ખસલતે હમીદહ પર અને હિદાયતે મુનીરહ પર આપના દાઈએ પુરઝિયા (ત.ઉ.શ.) ની નસીહતના ઝૈર ચાલવાની તૌફીકે બાકમાલ અતા ફરમાવે છે. સુકાયેલા દરખ્તને આપ ઝિંદગી અતા ફરમાવતા હોય તો હમેં તો આપ પર ઈમાન લાવનાર છીએ, આપની માઅરેફત કરનાર છીએ, આપના હર કૌલ પર લબ્બૈક કહીને આપ પર યકીન રાખનાર છીએ. આપનું હમારા વાસ્તે શાફેઅ બનવું હમારા વાસ્તે આઅલામાં આઅલા નેઅમત છે. ✯

સવાલ કરનાર સાઈલની હાજતરવાઈની નિય્યત મુમિન કરે છે તે પહેલા તો ખુદાતઆલા તેના સગીરા ગુનાહોંને માંજી નાખે છે.

(પેજ નં. ૮ નું બાકી)

- આપ કહેનારની વાતને અને તેના મફહૂમને લફ્ઝન-લફ્ઝન યાદ કરી લેતા હતા. યહાઁ તક કે, બોલનારના કલામનો એક જુમ્લો પણ આપ ભુલતા ન હતા.
- આપ જે શખ્સ સાથે ગુફ્તગૂ કરતા એની અદનામાં અદના દલીલને યાદ રાખતા અને એના જવાબ વાસ્તે આપ હર તરહની અક્લી-શરઈ-અખ્લાકી દલીલો બુરહાન પૈશ કરતા હતા.
- આપ ગુફ્તગૂ કરવામાં ઘણા સહેલા અને ઝબાનના ઘણા ચોખા હતા. આપની વાત હર કોઈના દિલો ઝમીરમાં મોહર કરી જાતી હતી. આપના કલામ ખૂબ મુખ્તસર પણ પંદો નસીહતથી ભરેલા હતા.
- આપ ઈલ્મને અને ઈલ્મના તલબ કરનારને ખૂબ ચાહતા હતા. ઈલ્મો હિકમતથી આપ હર વક્ત લોગોને ફાયદો બખ્શાતા અને તે વાસ્તે આપ હર કોઈને કુબૂલ કરતા હતા અને કોઈ વક્ત થકાન મહેસૂસ કરતા ન હતા.
- આપ સચ્ચાઈ અને સદાકતને ચાહનાર હતા, તમામ ઝાહિરી-બાતિની મુઆમેલાતમાં અહસન, બહેતર અને ખુશગવાર હતા અને આપ આપના ખાનદાનના લોગોમાં ચહેતા હતા.
- આપ થોડી ચીઝ પર સબર કરનાર અને ઝિયાદહ પર શુક કરનાર હતા યાઅની કનાઅત-પસંદ હતા. તકબ્બુરી, ઐબજોઈ અને ગુસ્સો તો આપથી કોસો દૂર હતો. આપ ખાવા-પીવામાં અને બૈરો સાથેના વહેવારમાં ઈન્સાફ અને કિફાયત-શેઆરીથી પૈશ આવતા હતા.
- આપ તબીઅતથી રહેમદિલ અને ફૈયાઝદિલ હતા. હિમ્મત-હોંસલામાં બલંદો બાલા હતા. આપ હર કોઈને વાસ્તે શફીકો કરીમ હતા. આપ કોઈના વાસ્તે તાઅનાબાઝી કે કોઈના પર ઈલ્ઝામ લગાવતા ન હતા. જે કઈ હોય તે મૂંહ પર કહી દેતા હતા.
- આપની પરહેઝગારીની કોઈ હદ ન હતી યાઅની આપ બેહદ મુત્તકી અને ખૌફે ખુદા રાખનાર હતા. દુનિયા અને તેના રાહતો આરામના સાઝો સામાનની આપના નઝદીક કોઈ કીમત કે એહમીયત ન હતી. દીનારો દિરહમ કરતા આખેરત વાસ્તેનો અમલ આપની નઝરમાં ઝિયાદહ મહેબૂબ હતો.
- આપ અદલો ઈન્સાફ અને તેના પર ચાલનારને પસંદ કરનાર હતા, તેને ઈઝઝત બખ્શનાર હતા. જૌરો જફા, ઝુલ્મો સિતમ અને જબરો તશદુદ અને તેના પર ચાલનારને નાપસંદ કરનાર હતા. આપ હર કોઈને પોતાનો હક્ક અદા કરવા પર રગબત અપાવતા હતા અને હુસ્ને સુલૂક રાખતા, પછી તે આપનો મોહિબ્બ હોય યા મુખાલિફ હોય.
- કોઈ પણ ચીઝ વાસ્તે આપનો મકસદ-ઈરાદો સાફ, પુખ્તા અને મઝબૂત હતો. કોઈના ડર યા ખૌફ બગૈર આપ હર કામને પૂરા જોશ સાથે કરતા હતા. ✯

મુશ્કિલ અલ્ફાઝ :

આઅઝા - જિસ્માની હિસ્સા
મફહૂમ - ગુફ્તગૂની સમઝ
અક્લી - દિમાગને લગતી
અક્લાકી - ચાલ-ચલણને લગતી
તકબ્બુરી - ઘમંડ, હુંપણું
ફૈયાઝદિલ - મોટું મન રાખનાર, સખી
તાઅનાબાઝી - દિલમાં લાગી જાય તેવી વાત કહેવી
હુસ્ને સુલૂક - સારો વહેવાર
મકસદ - ઈરાદો, નિય્યત
અદનામાં અદના - નાનામાં નાની
શરઈ - શરીઅતને લગતી
મુખ્તસર - મુદ્દાને લગતા, ઓછા પણ કામના
ઐબજોઈ - ખામીઓ જોવી
શફીકો કરીમ - મોહબ્બત અને કરમ કરનાર
જૌરો જફા - નાઈન્સાફી
✯

અલ્લાહતઆલાએ પોતાના દીનની અસાસ દુનિયાની ઝિંદગી પર મુકેલી છે.
જે દુનિયાને સમઝો તેને દીન મિલું અને જે દીનદાર થયો તે અલ્લાહનો અઝીઝ બની ગયો.

જેએ સાઈલને રદ કીધો તેએ અલ્લાહની રહેમતને રદ કીધા બરાબર છે.

કાતિલાને ઈમામ હુસૈન (અ.સ.) પર દુનિયામાં અઝાબ

૧૯ માં દાઈએ મુત્લક સૈયેદના ઈદરીસ ઈમાદુદ્દીન સાહબ (આ.કુ.) આપની મશ્હૂરો માઅરૂફ કિતાબ ઊયૂનુલ અખ્બારમાં ફરમાવે છે કે, કરબલાએ મોઅલ્લામાં શહાદતે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના વક્ત જે શામીઓ અને કૂફીઓ ઉમ્ર બિન સઅદ લઈન સાથે ફૌજે યઝીદ પલીદમાં હાઝિર હતા તેના પર અઝાબે ઈલાહી કેવો ઉતરો અને તેઓની કેવી ખસ્તા હાલત થઈ અને કઈ તરહ તેઓ વહેશતનાક અંજામથી હલાક થયા. ઈમામે આલે અત્હર (અ.સ.) ની દાઅવતે હક્ક સામે બગાવત કરનારની **ઝિંદગી કેવી કડવી અને બેતમક્કુન** બની જાશે તેની ઈબ્રત વાસ્તે આ મિસાલ કાફી છે.

રિવાયતમાં મન્કૂલ છે કે, એક શખ્સ એમ દાઅવો કરતો હતો કે જેએ ઈમામ હુસૈન (અ.સ.) ના કત્લમાં મદદ કીધી છે અને પોતે કરબલામાં શાહિદ હતો તેને દુનિયામાં જ અઝાબ જોયો છે, પણ મને કંઈ થયું નથી હાલાંકે હું પણ ત્યાં હાઝિર હતો અને યઝીદીઓના લશ્કરમાં શામિલ હતો. બકુદરતે ઈલાહી તે જ વક્ત એક શખ્સ ત્યાં બુખુરદાની લઈને આવો. તેમાં અંગાર મંદ પડવાના સબબ તેએ હવા કરવાની શુરૂ કીધી તો એકાએક તેમાંથી આગ ભડકી અને **એક નાની જેવી ચિંગારી તે શખ્સના કપડા પર ઉડી**. તે આ ચીઝથી બેખબર હતો અને જોતજોતામાં તેના કપડા જલવા લાગા. તે જ વક્ત ખૂબ તેઝ રફ્તાર હવા ચાલી જેના સબબ તે આગમાં ઘેરાઈ ગયો. કંઈ કરી શકે તે પહેલા આગે તેને લુક્મો બનાવી લીધો અને તે જ દર્દનાક હાલતમાં તે હલાક થયો.

બીજા એક વાકેઆમાં અબ્દુર્રહમાન નામના એક શીઆ જે મૌલા અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ખૂબ મોહિબ્બ હતા, તે બયાન કરે છે કે, એક શખ્સ તેમના કરીબ આવીને બેસો તો તેના મૂંહ માંથી **"કતરાન"** (ખરાબ ડામર) મુજબ બદબૂ આવતી હતી. શીઆએ પૂછું કે, ભાઈ! તારા માંથી કંઈ અજીબ બદબૂ આવે છે, તેનો સબબ શું છે? તેને જવાબ આપો કે, હું કરબલામાં હતો જે વક્ત ઉમ્ર બિન સઅદનું લશ્કર આવું તો હું પણ તેમામ શરીક થઈ ગયો. તેમાં જે સિપાહીઓ હતા તેઓને લોખંડના ખીલા વહેચતો હતો. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતની રાતે હું ગહેરી નીંદમાં મારા ખૈમામાં પડેલો હતો. મેં ખ્વાબમાં જોયું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને મૌલાના અલી (અ.સ.) પધારા. આપ મૌલા સઘલાને પાની પિલાવી રહ્યા છે. હું ઘણો જ પ્યાસો હતો તો પાની જોઈને મેં અરઝ કીધી કે, "મને પાની આપો, મારૂં ગલું સુકાઈ રહ્યું છે." રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તે આપવાનો ઈન્કાર કરી દીધો. નબી સાહબે મારા સાથે કલામ કીધો કે, **"તુંએ જ કરબલાના મૈદાનમાં મારા નવાસાના મુખાલિફની મદદ કીધી હતી."** મેં અરઝ કીધી કે, મેં તો ફક્ત લશ્કરીઓને લોખંડના ખીલા આપા હતા. ન તો મેં ઈમામ હુસૈન (અ.સ.) ને ખિલાફ કઈ બોલો હતો ન તો તીર ચલાવો હતો ન તો કોઈને ઈઝા પહોંચાવી હતી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી (અ.સ.) ને ફરમાન કીધું કે, આ શખ્સે જાહિલને ડામર પિલાવો. આ દહેશતનાક મંઝર જોઈને, જેમાં મેં ડામર પી રહ્યો છું, ચીસો પાડવા લાગો અને જાગી ગયો. તે બાદ ત્રણ અય્યામ તક મને ડામરની પૈશાબ થઈ. કોઈ પણ ચીઝ મેં જમું કે પીવું તે ડામરની બદબૂમાં તબ્દીલ થઈ જાતી. યહાં તક કે, આજ તક મારા બદન માંથી તેની બદબૂ ગઈ નથી. આ શખ્સે ગુનાહગાર અબ્દુર્રહમાન શીઆને આખિરમાં કહે છે કે, મને હમણા પણ વારંવાર એવું સપના આવે છે જેમાં કહેનાર કહે છે કે, "ગમે તે અમલ તું કરે, ખૈર કરે, હલાલ જમે કે પીવે પણ તારૂં આખરી ઠેકાણું જહન્નમ છે." ✯

રિઝ્ક-રોઝ્ી બે તરહની છે : તલબ કરનાર અને જે ચીઝ તલબ થાય છે તે. હવે પછી કોઈ દુનિયાની તલબમાં ગિરફ્તાર રહે તો મૌત એને તલબ કરે છે. યહાં તક કે, મૌત એને દુનિયામાંથી નિકાલી મૂકે છે. જે કોઈ આખેરતને તલબ કરે તો દુનિયાની લઝ્ઝતો તેને તલબ કરે છે. યહાં તક કે, તેનાં હિસ્સાની તમામ રોઝ્ી એને મિલી જાય છે.

Livelihood is of two kinds: The seeker and the thing sought. Therefore, he who runs after this world, death traces him till it turns him out of it; but he who seeks the next world, worldly desires itself seeks him till he receives all his livelihood from it. ✯

બીમારીની આઅલામાં આઅલા દવા સદકો કરવું છે.

ઈમામુઝઝમાન (અ.સ.) ની હઝરતે તૈયેબીયહમાં ઈલ્તેજા

પતા તો બતાવો લાપતા તુમ કહાઁ હો,
મેં આઁખોં સે આઉં વહાઁ તુમ જહાઁ હો.
પહાડોં મેં હો યા બસે જંગલોં મેં,
અયા ગાર મેં તુમ અય શાહે ઝમાઁ હો.
અલી કે કમર, ચાંદ ઝહરા કે બતલા,
તુમ કિસ બુર્જ મેં મૌલા જલ્વાકુના હો.
તુમ્હેં યાદ કરતેં હેં સબ મુમેનીં અબ,
તુમ ઉક્દાકુશા તુમ હી તો મહેરબાઁ હો.
કસમ તુમકો અહમદ, અલી કી બતાવો,
કહાઁ હો અલમદાર, હક્ક કે નિશાઁ હો.
દિખા દીજીએ અબ તો નૂરાની સૂરત,
અય ઝોહરા કી આઁખોં કે તારેં કહાઁ હો.
અંધેરી યે રાતોં મેં રેહઝન બહોત હેં,
સંભાલો, બચા લો, છુડા લો કહાઁ હો.
તુમ સરદારે જન્નત, તુમ મુખ્તારે કૌસર,
તુમ સરતાજે આલમ, અય આમિર કી જાઁ હો.
અય મૌલાના આમિર કે વારિસ અય તૈયેબ,
તુમ્હારી યે દાઅવત કે માલિક કહાઁ હો.
ઈમામુલ હોદા તુમ ઈમામુઝઝમાઁ હો,
પતા આપકે દર કા હમકો કહાઁ હો.
ગુલામોં સે અપને ખફા ક્યું હો મૌલા,
કરમ કીજીયે મુન્તઝિર સબ જહાઁ હો.
તુમ્હારે હેં નાઈબ યે મૌલાના તૈયેબ,
રહે શાદ જબ તક ઝમીનો ઝમાઁ હો.
યે દાઅવતે હક્ક કે નિગેહબાન હો તુમ,
નિશાઁ નૂરે તૈયેબ કા હર સૂ અયાઁ હો.
તુમ્હારી હે મીલાદે મયમૂન કા દિન,
મુબારક કે નગમોં મેં અબ હર ઝબાઁ હો.
પિલાતેં હેં શરબત ખિલાતેં હેં મૈવે,
હરએક અહલે દાઅવત કા દિલ શાદમાઁ હો.
હેં દાઈ જો સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીં,
યે સુલ્તાને દાઅવત કા આલી નિશાઁ હો.
ઝુહૂર હાથ પર અપને દાઈ કે હો અબ,
યહીં દિલ મેં અરમાઁ ઈમામુઝઝમાઁ હો.
બકા તાઅબદ હો યે દાઈએ રબ કી,
દોઆ બસ યહીં હર ઘડી હર મકાઁ હો.
રહે લાજ નજફી કી મહેશર મેં મૌલા,
તુમ્હારા ઝફરયાબ યે મદહખ્વાઁ હો. ✯

આપ ઈમામે આપના થોડા શીઆઓને ફરમાવું કે, તમેં અમારી માઅરેફત કીધી જે વક્ત ઘણા લોગોએ અમારો ઈન્કાર કીધો, તમેં અમારી મહબ્બત કીધી જે વક્ત ઘણાએ અમારાથી બુગ્ઝ કીધો. તમેં અમારા ઝુમરામાં મિલા છે, જે વક્ત બીજાઓએ અમારાથી તઅલ્લુક કત્અ કીધા. તેથી અલ્લાહતઆલા તમને મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સોહબત આપે અને આપ નબીના હૌઝથી (જન્નતમાં) તમને સૈરાબ કરે.

You recognized our Imaamat while the majority of the people refused to acknowledge us. You loved us while they showed hatred, you joined with us while they broke the bond with us. May Allaah, therefore unite you with the companionship of Mohammad Rasoolullaah (s.a.w.s.) and refresh you by giving you to drink from his pool (in paradise). ✯

(પેજ નં. ૩ નું બાકી)

બગૈર રઝા કાઅબતુલ્લાહના દીદાર કરે, બગૈર રઝા ઘરમાં ગૈર જમાઅતની દીકરી રાખે, બગૈર રઝા ઝિકે અહલે બૈત (અ.સ.) કરે. તો શું હાલત થાય છે? પાની વરસું તો તેના સબબ પત્થર પરથી માટીનું પડ નિકલી જાય અને પત્થરની અસલીયત ઝાહિર થઈ જાય. **તુરાબી મુમેનીન અંદરથી પત્થર હોતા નથી.** પત્થર પર થોડી માટી, પત્થરને માટી બનાવી દેતી નથી. યાઅની દેખાવની મોહબ્બત, નફરતના પત્થરને તબ્દીલ કરી શકતી નથી. તુરાબમાં ફરેબ હોતો નથી. ફરેબીઓ તો જહન્નમના લાકડાઓ છે, આગમાં જલવા વાસ્તે તેઓને તૈયાર કરવામાં આવા છે. ✯

ઘરના બૈરો-દીકરીઓની બેપરદગી ઘરના રાઝને ખોલી દે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૨

*** આપના કફન-દફનનું બયાન :** તારીખના કિતાબોંમાં બયાન છે કે, જે વક્ત મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) મદાઈનમાં વફાત થયા અને જિવારે રહેમતમાં પહોંચી ગયા તો આપના ઈન્તેકાલની ખબર મદીનામાં અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ને એજાઝથી થઈ અને આપ મોઅજિઝતન મદીનાથી મદાઈન પધારા. આપે ખુદ મૌ. સલમાનને ગુસ્લો કફન આપું, પોતે જ કબરમાં ઉતારા અને દફન કીધા. આપ મૌલાએ મૌ. સલમાનના કફન પર આ બૈત લખી :

વફદતો અલલ કરીમે બેગૈરે ઝાદિન મિનલ હસનાતે વલ કલબિલ સલીમ

આ કલામે અલવીનો મફહૂમ એ છે કે, હું, અલ્લાહતઆલા કે જે સખીઓ કરીમ છે તેના દર પર નેકીઓ અને ઈમાનથી ભરેલા દિલ બગૈરના તોશાના સિવાય હાઝિર થયો છું. દર હકીકત તે ઘણી જ નામુનાસિબ ચીઝ કહેવાય કે સફર બાદ કોઈ તોશો લીધા બગૈર જાય.

મદાઈન કે જ્યાં મૌ. સલમાન આમિલ હતા તે ઈરાકમાં છે અને મદીના અરબસ્તાનમાં છે. બેવે શહેરના દરમિયાન ઘણો જ દરાઝ ફાસલો છે. મગર સાહબે એજાઝો કરામાત મૌ. અલી (અ.સ.) મદીનાથી મદાઈન આવી પહોંચા અને એજાઝ એવો થયો કે એક જ રાતમાં મૌ. સલમાનને દફન કરીને પાછા મદીના રવાના થઈ ગયા. મૌ. સલમાન વાસ્તે અજબ કરામત અને અજબ શરફ છે કે, જેને ખુદ અમીરૂલ મુમેનીન પોતાના દસ્તે મુબારકથી ગુસ્લો કફન આપી કબરમાં ઉતારીને દફન કરે.

મૌ. જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) ફરમાવે છે કે, એક દિન હમેં મૌ. અલી સાથે મદીનામાં ફજરની નમાઝ અદા કરી રહ્યા હતા કે જે વક્ત નમાઝથી ફારિગ થયા કે આપ મૌલાએ ફરમાવું કે, અય લોગો! અલ્લાહતઆલા તમારા સઘલાના અજરને તમારા ભાઈ સલમાનના ગમમાં ઝિયાદહ કરે. હમેં આપના આ કલામ સાંભલીને અફસોસ કરવા લાગા અને મૌ. સલમાનની ઝિકે ખૈર કરવા લાગા. તે બાદ આપ મૌલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની પાઘડીને માથા પર બાંધી અને આપના પૈરહનને ઝૈબતન કીધું. નબી સાહબની તલવારને દસ્તે મુબારકમાં લીધી અને આપની ઊંટણી પર સવાર થયા. આપના ગુલામ કમ્બર પણ આપના સાથે બેસા અને ઊંટણીની રિકાબ પકડી. હવે કમ્બર બયાન કેર છે કે, **" હમેં થોડો રસ્તો નહીં ચાલા હોય કે, મૌ. સલમાનનું મકાન નઝર આવું અને હમેં મૌલાના એજાઝથી ચંદ ઘડીઓમાં જ મદીનાથી મદાઈન પહોંચી ગયા. "**

મદાઈનમાં જે વક્ત મૌ. સલમાન બિસ્તરે મૌત પર હતા તે વક્ત ઝાઝાન નામના શખ્સ આપના નઝદીક હાઝિર હતા. ઝાઝાન કહે છે કે, જે વક્ત મૌ. સલમાનના વફાતનો વક્ત કરીબ થયો તો મેં અરઝ કીધી કે, અય રસૂલુલ્લાહના ખાસ સહાબી, આપને ગુસ્લો કફન કૌન આપશે? આપે ફરમાવું કે, અય ઝાઝાન, જે સાહબે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ગુસ્લો કફન આપું હતું તે જ સાહબ મને ગુસ્લ આપી દફન કરશે. ઝાઝાન કહે છે કે, મને તઅજ્જુબ થયો કે, કહાઁ મદીના અને કહાઁ મદાઈન! ભલા, અમીરૂલ મુમેનીન યહાઁ શું રાહથી આવશે? આપે ફરમાવું કે, "અય ઝાઝાન, તમેં તઅજ્જુબ ન કરો. મારા મૌતના બાદ તમને એક આવાઝ આવશે. તે વક્ત તમેં જાણી લેજો કે મારા ઘર પર અમીરૂલ મુમેનીન આવી પહોંચા છે." ઝાઝાન કહે છે કે, બરાબર આ જ મિસિલ વાકેઓ ઝાહિર થયો. મૌ. સલમાનના વફાત પર એક આવાઝ મારા કાનમાં આવો અને તે જ વક્ત મેં ઘરથી બાહર નિકલો. શું જોઈ રહ્યો છું કે, મૌલાના અલી (અ.સ.) આપના ગુલામ કમ્બર સાથે ઊંટણી પર બેસેલા છે.

આપ મૌલાએ સવાલ કીધો કે, અય ઝાઝાન! શું સલમાન રહેમતે ખુદાવંદી તરફ નકલ થઈ ગયા? મેં અરઝ કીધી કે, હાઁ, અય મારા મૌલા, સલમાન આપના આવવા પહેલા જ દારે બકા તરફ પધારી ગયા. આપ મૌલા ઘરમાં દાખિલ થયા અને જે ચાદર મૌ. સલમાનના ચહેરા પર હતી તેને ઉઠાવી અને બેજાન જિસ્મ પર નઝર ફરમાવી. હમને તો સલમાનની વફાતનું યકીન થઈ ગયું હતું, પણ જે વક્ત મૌ. અલીના દીદાર કીધા તો મૌ. સલમાને તબસ્સુમ ફરમાવો અને ચાહ્યું કે **આપ મૌલાની તાઅઝીમો તકરીમ વાસ્તે ઉઠે.** આપ મૌલાએ ફરમાવું કે, અય સલમાન, તમેં તમારી હાલત પર વલી જાવ યાઅની મૌતના દામનમાં પધારી જાવ. મૌ. સલમાનને યકીન થઈ ગયું હતું કે, હવે મૌલા મારા નઝદીક આવી પહોંચા છે અને એમના આખિરી અમરને અંજામ આપશે. આપની ઉમ્રે શરીફ ૨૫૦ સાલની હતી અને મદાઈનમાં આપના રોઝા મુબારકહ મૌજૂદ છે. જે મુમેનીન કરબલાએ મોઅલ્લાની ઝિયારત વાસ્તે જાય છે તેઓ આપની ઝિયારતથી પણ મુશર્રફ થાય છે. ખાસો આમ વાસ્તે આપની ઝિયારતગાહ બાબે હવાઈજ અને નેઅમુલ વસીલા છે. ☆

બખીલ એવા કૂવાની જેમ છે જેમાં પાની પડે-પડે બદબૂદાર થઈ જાય છે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૦

"વલ્લાહો લા યોહિબ્બો કુલ્લા મુખ્તાલિન ફખૂર"

અલ્લાહતઆલા નથી ચાહતો હરએક ઈતરાનાર, ઘમંડી, બડાઈ કરનાર, શૈખી કરનાર મગરૂર શખ્સને. ખુદઆરાઈ અને તકબ્બુરી અલ્લાહને પસંદ નથી.

ચોથા નબીએ નાતિક અને તીસરા ઊલૂલ અઝમ મૌલાના મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની આદતે શરીફહ હતી કે, પોતાના ઘરથી વક્તન-ફ-વખ્તન સાથીદારોં સાથે સફર પર નિકલે, લોગોના હાલાતથી વાકિફ થાય અને સાથીઓને દુનિયા-આખેરત વાસ્તે નસીહત ફરમાવે. એક દિન મૌ. મૂસા અને આપના સાથી સફર પર નિકલા કે, ઊંચા-ઊંચા પહાડોંને દરમિયાનથી આપનો ગુઝર થયો. આપ ખૂબ થાકી ગયા હતા, લેહાઝા એક જગા પર આરામ વાસ્તે બેસા. આપે નઝર કીધી કે થોડે દૂર એક પહાડની ટોંચ પર ઘાસ જેવી લીલી ચાદર પથરાયેલી છે.

મૌ. મૂસાએ પોતાના સાથીને કહ્યું કે, ભાઈ! તું યહાઁ પર આરામ કર, હું ઝરા જોઈને આવું છું કે, આ લીલક જે પત્થરોંના દરમિયાન છે, તે શું છે? મૌ. મૂસા ગયા અને ટોંચ પર એક નાના ઝૂંપડા પાસે એક ઝઈફ શખ્સને જોયા જે સજદામાં રોઈ રહ્યા હતા. એની આહોઝારીના સબબ આઁખોં માંથી આંસૂનું સૈલાબ એ મુજબ જારી હતું કે, એની આસપાસની જગાઓમાં માટી માંથી ઘાસ ઉગી નિકલું હતું. મૌ. મૂસાએ તે બુઢા શખ્સને પૂછું કે, તમેં યહાઁ આ હાલમાં કેટલા વક્તથી છો? શૈખે કહ્યું કે, ખુદાની ઈબાદત વાસ્તે હું આ હાલમાં ૬૦૦ સાલથી આહોઝારી કરી રહ્યો છું. ખુદા તરફથી કોઈ મને પૈગામ મિલે તેની ઈન્તેઝારીમાં છું. મૌ. મૂસાને તેના પર રહેમ આવો અને દોઆ કીધી કે, **"અય મારા ખુદા! તું આ શૈખની ગુરબત પર નઝર કર, તેના બુઢાપા પર રહેમ કર, તેના સબરનો અજર આપ અને તેની ઈબાદત તારી બારગાહમાં કુબૂલ ફરમાવ."**

ખુદાતઆલા તરફથી જવાબ મિલો કે, "અય મૂસા! તમેં આ શૈખ વાસ્તે જે ખૈર ચાહો છો તેનાથી ખુદા ખુશ નથી. આ શખ્સ પર કોઈ વક્ત રહેમ કરવામાં નહીં આવે, ચાહે તે હઝારોં સાલ તક સજદામાં રોયા કરે." મૌ. મૂસા મોતઅજ્જેબાના લહેજામાં બોલા કે, અય મારા પરવરદિગાર! શું તારી કુદરતમાં આ તરહનો ફેસલો પણ હોય શકે? ખુદાએ કહ્યું કે, મારી કુદરતમાં ઈન્સાફ છે અને કોઈ મારો ફેસલો ઈન્સાફથી ખાલી નથી. મૌ. મૂસાએ દરયાફ્ત કીધું કે, એ કઈ તરહ? ખુદાતઆલા તરફથી ખુલાસો થયો કે, તે શૈખ "મોઅજિબ" છે, તેના આહોઝારી અને તૌબા કરવાના અમલ પર તે મગરૂર છે, ફખર કરે છે. અય મૂસા! જે વક્ત તે શખ્સ જવાન હતો તો તેએ ખૂબ ગુનાહના કામોં કીધા હતા. હવે તે એમ સમઝે છે કે, આ મુજબ તેનું રોવું તેને મારા અઝાબથી બચાવી લેશે!! ના, પણ તમેં જાણી લો કે, જે ખૈર ચીઝોને મેં પૈદા કીધી છે, તેના કસમ ખાઈને કહું છું કે, મેં એવા મગરૂર ખુદઆરાઈ કરનાર શખ્સના અમલને,દોઆને અને ઈબાદતને કુબૂલ કરીશ નહીં. ચાહે તે દુનિયાની ઉંમર તક મારી ઈબાદત વાસ્તે સજદામાં પડી રોયા કરે.

"ઈન્સાઁ જો રહે દૂર ફખર સે, ગુરૂર સે
હાસિલ હો મગફેરત ઉસે રબ્બે ગફૂર સે" ☆

(પેજ નં. ૬ નું બાકી)

ઈમામ આલી મકામને સવાલ કરવામાં આવો કે, આપ હમને એ બતાવો કે, નિદા કરીને દોઆના કલેમાત પઢનાર કૌન હશે? આપ મૌલાએ ફરમાવું કે, તે મૌલાના જિબ્રઈલ (અ.સ.) હતા. આપ ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મૌલાના અલી (અ.સ.) ના સીનાથી લાગીને સુતેલા હતા અને તે વક્ત આપના નફસ મુબારેકહ આપના જિસ્મે મતલ્હરથી નિકલી પરવાઝ કરી ગયા. મૌ. અલીના હાથ પર આપનો ઈન્તેકાલ થયો અને તે વક્ત મૌ. અલી (અ.સ.) એ બેવે હાથને મૂઁહ પર મસહ કીધા અને નબવી ફૈઝ હાસિલ કરી લીધો. ☆

દાઈયુલ્લાહના હુકમો અમર પર ચાલનાર મુમેનીનનો મુહાફિઝ હક્ક હોય છે.

જેમ હર વાદલ વરસતા નથી તેમ હર દૌલતમંદની દૌલત કામ લાગતી નથી.

અખ્બાર પુર અન્વાર : ૨૬ માં દાઇયુલ મુત્લક
સૈ.વ.મૌ. બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. અજબશાહ (આ.કુ.)

સૈયેદી ખોજ બિન મલક (રિ.અ.) આપના એક રિસાલા હદીકતુન્નેઅમમાં ફરમાવે છે કે, સૈયેદના વ મૌલાના દાઉદજી બિન સૈ. અજબશાહ (ક.રૂ.) ની વિલાદત માહે મોહર્રમની ૧૧મી તારીખ ૯૩૦ હિ. જુમેરાતના દિન ફજરના વક્તમાં થઈ છે. આપના બાવાજીનું નામ અજબશાહ બિન ફીરોઝ બિન નૂહ બિન જાઅફર છે અને આપનો લકબ બુરહાનુદ્દીન છે. સૈયેદનાના માથા મુબારક પર ચાથું હતું તે આપની બાદશાહીની દલીલ હતી યાઅની કિયાફતના ઈલ્મવાલા આપને જોઈને કહેતા હતા કે, આ સાહબ બાદશાહ-રહેબરે અઝીમ થાશે.

સૈયેદી ખોજ બિન મલક (રિ.અ.) ના રિસાલા બઝરૂલ મહબ્બતમાં ફરમાવે છે કે, હું જે વક્ત સૈયેદનાની મુલાકાત વાસ્તે ગયો તો આપે ફરમાવું કે, મારા મૌલા સૈયેદના યૂસુફ સાહેબે જે વક્ત મને ઈલ્મ પઢાવીને યમનથી ગુજરાત તરફ રવાના કીધો તે વક્ત હસન અલ-આફરી હાઝિર હતા. આ સાહબે કહ્યું કે, જે વક્ત આ મૌલા દાઉદનો વક્ત આવશે તો એમના હાથ પર એક ખલ્કે અઝીમ નજાત પામશે અને **આખેરતમાં નએમાતુલ જન્નત તનાવુલ કરશે.** સૈયેદના ફખરૂદ્દીન જલાલ સાહબ (આ.કુ.) એ જુમ્આના દિન સૈયેદના પર નસ્સ ફરમાવી અને પાંચ દિન બાદ સૈયેદના જલાલ વફાત થયા.

આ જ રિસાલામાં સૈયેદી સાહબ ફરમાવે છે કે, હિન્દમાં એક હકીમ હતા, હુશિયાર તબીબ હતા અને ઈલ્મુન્નુજૂમ (સિતારાના ઈલ્મ) ના પણ માહિર હતા. તે હકીમ કહેતા અને ખુશખબરી દેતા કે, ૯૮૧ હિ. ના વરસ ગુજરાતમાં અમાન થાશે, એક બાદશાહે નૂરાનીના હાથ પર કે જે બાદશાહના માથા પર ગોલ પાઘડી હશે અને એ સાહેબના નામનો પહેલો હરફ **"દાલ"** હશે યાઅની સૈયેદના દાઉદજી બિન સૈ. અજબશાહ તરફ ઈશારો છે.

સૈયેદના સાહેબના વક્તમાં જે મશાઈખ અને હુદૂદ હતા તેમાં ચાર મશાઈખ સઘલા કરતા મરતબામાં બલંદ અને બાલા હતા. આ ચારે સાહેબો અબ્નાઉદ્દાઅવત-દાઅવતે શરીફહની ખિદમતમાં પહેલી સફના ફરઝંદો કરતા અફઝલ-આઅલા હતા. આ ચાર સાહેબોમાં પહેલા સૈ. દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) છે, જે સૈયેદનાના કાઈમ મકામ છે અને આપના બાદ નાઈબે ઈમામ છે. બીજા સાહેબ મૌ. કાઝી બિન અમીનશાહ (રિ.અ.) છે, તીસરા સાહેબ સૈ. દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) ના જે મન્સૂસ બના તે સૈ. શૈખ આદમ સફીયુદ્દીન બિન સૈ. તૈયેબશાહ (ક.રૂ.) છે અને ચોથા સૈ. અમીનજી બિન જલાલ (રિ.અ.) છે.

આ જ રિસાલામાં ઝિક્ર છે કે, સૈયેદનાના મોટા ભાઈ અહમદજી બિન અજબશાહ હતા જે સાહેબ હજ્જ-ઝિયારત વાસ્તે ગયા હતા. હજ્જથી ફારિગ થઈને સૈ. યૂસુફ નજમુદ્દીન સાહબ (ક.રૂ.) ની હઝરતે આલીયહમાં યમનની તરફ જાવાનો ઈરાદો કીધો. આપે સૈયેદનાની કદમબોસી કીધી, મિજાઝપુરસી કીધી તો સૈયેદનાના ચહેરા પર મલાલ, ગમગીની અને ફિકરમંદી જોઈ. અહમદજીએ જે વક્ત અરઝ કીધી તો ખબર પડી કે, યમની હાકિમે સૈયેદનાને નઝર કેદ કીધા છે, ઝુલ્મો સિતમ થઈ રહ્યો છે અને ૭ હઝાર ઈબ્રાહીમીનો જુર્માનો માંગો છે. **દાઈયુલ્લાહના આ તરહના કશીદા હાલાત જોઈને અહમદજીએ પોતાનો તમામ માલો અસ્બાબ વહેચી નાંખો** અને જે નકદ પૈસા આવા તેનાથી સૈયેદનાને કેદથી છોડાવા. સૈ. યૂસુફ સાહબે અહમદજીના હક્કમાં ખૂબ દોઆ કીધી કે, તેમના વેપારમાં ખુદાએ દુગની-ચુગની તરક્કી આપી. અહમદજી ૧૭ શાઅબાનુલ કરીમ ૯૮૦ હિ. બુધવારે ઈન્તેકાલ કરી ગયા.

સૈયેદનાના બીજા ભાઈ મીયાં ફીરોઝ બિન અજબશાહ હતા અને એ સાહેબ પણ મરદે કરીમ અને આકિલે હલીમ હતા. આપ પણ હજ્જો ઝિયારત વાસ્તે તશરીફ લઈ ગયા છે. હજ્જથી ફારિગ થયા બાદ દરિયાઈ વહાન (હોલકા) માં આપ આપના વતનની તરફ વલા તે વક્ત દીવ બંદર અને ખંભાતના દરમિયાન આપનું હોલકું તૂફાનમાં ફસાઈ ગયું અને વહાનના તમામ સાહેબ હોલકા સાથે દરિયામાં ડૂબી ગયા. આપના સાથે બીજા ચાર સાહેબો પણ અલ્લાહને પ્યારા થયા. તે ચાર સાહેબો છે, મૌ. જાઅફર બિન જીવન, મૌ. ફીરજી બિન અલી, મૌ. રાજ મોહંમદ બિન નિઝામખાન અને મીયાં અલીખાન બિન તાજ. આ હાદેસો ૨૭ રજબુલ અસબ ૯૯૬ હિ. માં જુમેરાતના દિન બનો છે.☆

ઝબાનની સફાઈ કરતા દિલની સફાઈ લાઝિમી છે, કેમકે માઅરેફત દિલથી દાખિલ થાય છે.

મિદ્હે સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.)

તૈયેબ ઝિયા કા કોઈ હમસર હમેં માઅલૂમ નહીં,
આપ સા ઔર કોઈ રહેબર હમેં માઅલૂમ નહીં.

દીને હક્ક આપસે રૌશન હે યે સબકો રૌશન,
તુમ સિવા નૂર કા મઝહર હમેં માઅલૂમ નહીં.

આપ હી નાઈબે તૈયેબ હો નહીં શક ઈસમેં,
યે કિસી ઔર મેં મંઝર હમેં માઅલૂમ નહીં.

હક્કને કૌસર જો દી અહમદ કો હો ઉસકે નાઈબ,
ઔર કોઈ નાઈબે કૌસર હમેં માઅલૂમ નહીં.

કાસિમે નારો જિનાં કે હો તુમહી તો નાઈબ,
ઔર કોઈ નાઈબે હૈદર હમેં માઅલૂમ નહીં.

આપકે ઈલ્મ કી જો નહેર હે વો હે કૌસર,
ઉસ સિવા ઔર ભી કૌસર હમેં માઅલૂમ નહીં.

બાગે ફિરદૌસ હે યે આપકી દાઅવત બેશક,
ઔર જન્નત કોઈ બઢકર હમેં માઅલૂમ નહીં.

હાજતેં આતી હૈં બર આપકે દર સે સબકો,
ઐસા કોઈ ઔર કા હો દર હમેં માઅલૂમ નહીં.

દીનો દુનિયા કી તરક્કી કા હુસૂલ આપ સે હે,
ઔર કિસી મેં યે હો મઝહર હમેં માઅલૂમ નહીં.

આપકી રાહ પે આના હે સભી કો એક દિન,
રાસ્તા ઔર કોઈ બહેતર હમેં માઅલૂમ નહીં.

હક્કો બયઅત કા હે સરચશ્મા હમારે તૈયેબ,
બાબે બયઅત હો કોઈ ઔર હમેં માઅલૂમ નહીં.

માલો જાઁ દે કે જો લી દુનિયા મેં જન્નત રબ સે,
ઔર જન્નત કોઈ અન્વર હમેં માઅલૂમ નહીં.

મુન્હસિર ઉનકી રઝા પર હે જિનાઁ મેં જાના,
હો જો રિઝવાઁ કોઈ દીગર હમેં માઅલૂમ નહીં.

યહીં મમ્સૂલ તો હૈં હબ્લે મતીં કે અન્વર,
હબ્લ કોઈ ઔર ભી દીગર હમેં માઅલૂમ નહીં. ✯

વુઝૂના અરકાનની DVD

વુઝૂ નમાઝ વાસ્તે પહેલી ડગર છે. વુઝૂથી જ પાકીઝગી મુકમ્મલ થાય છે. ગુસ્લ કરવાની પહેલી શરત વુઝૂ છે. હર ચીઝની ઈબ્તેદા વુઝૂથી થાય છે. મુમેનીનની ઈમાની ઝિંદગીનો આ એક અહમ હિસ્સો હોય, મરકઝે દાઅવતે શરીફહ તરફથી આ સાલ શહરૂલ્લાહિલ હરામમાં વુઝૂના અરકાનની **DVD** શાયેઅ કરવામાં આવી છે. જેમાં વુઝૂને લગતું તફ્સીલી બયાન છે, વુઝૂના અરકાન સાથે દોઆઓ અને તેનો તરજુમો, વુઝૂમાં જાઈઝ-નાજાઈઝ શામિલ છે. આ **DVD** ગુજરાતી (લેસાને દાઅવત) અને અંગ્રેઝી એમ બેવે ઝબાનમાં છે, જેથી કોલેજમાં જાનાર ફરઝંદો-દુખ્તરોં તેને આસાનીથી સમઝી શકે. હર તબકાના મુમેનીનને પોતાના ઘરમાં આ **DVD** રાખવી ઘણી મુફીદ છે. લેહાઝા, દેવડી મુબારક પરથી દાઅવતના ખુદ્દામ પાસેથી મુમેનીન આ **DVD** હાસિલ કરી શકે છે. ✯

મૌ. આદમ હક્કના નબી છે, આપની દાઅવત હક્કની જન્નત છે અને આપના શીઆ હક્કના મુમેનીન છે.

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★